સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૫

અમારી હાલત પર કિંગફિસર જેવી જ છે!
ગરકાવ દેવામાં, સ્થિતિ એર ઇંડિયા જેવી જ છે!
ઉધાર આપી અમને ઉગારી લેવા જેવી જ છે!
પરિસ્થિતિ સાવ સૂડી વચ્ચે સોપારી જેવી જ છે!
(મોંઘવારી નો કારસો)

પ્રવેશ તો દે!
પણ એની ફી નું શું?!
કોણ ભરશે!
(ગરીબો માટે ૨૫% અનામત)

ચાલે છે સ્પર્ધા -
કેન્દ્રને રાજ્યો-વચ્ચે
પ્રજા નિચોવા..
(TDS પત્રવ્યવહાર)

હાઈકુ

ચિંતન

ત્યજેત્ક્ષુધાર્તો મહિલાં સુપુત્રાં ખાદેત્ક્ષુધાર્તો ભુજગી સ્વમંડમ્ ।
બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપં ક્ષીણા નરા નિષ્કરૂણા ભવન્તિ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે :-

'ભૂખથી પીડાતો માણસ સંતાનો સહિત પોતાની પત્નીનો પણ ત્યાગ કરી દે છે, ભૂખી થયેલી સર્પીણી પોતાના ઇંડાને પણ ખાઇ જાય છે, ખરેખર ભૂખની પીડાથી રિબાતો માણસ કયું પાપ નથી કરતો? ભૂખથી રિબાતાં લોકો દયાહીન થઇ જાય છે.'

આજે ભારતમાં નક્ષલવાદ, આંતરિક આતંક-માઓ-આસામીઓ અને પ્રાદેશિક પક્ષોની જોહુકમીથી કોમવાદ-જાતિવાદ અને ભાષાવાદનાં ભૂત ઠેર ઠેર ખડાં થયાં છે અને રાજ્યોના નેતાઓએ પોતાના પક્ષનું પ્રદેશ પર વર્ચસ વધારવા લોકોની સંકુચિત ભાવનાઓને આ ઝેર પીવડાવી ઉશ્કેર્યું છે અને ગરીબી અને ભૂખને કેન્દ્ર સરકારને કારણ બનાવી પ્રાદેશિકતાને પોષણ આપ્યું છે.

ભૂખ અને મોંઘવારીમાં પીડાતી પ્રજા નક્ષલવાદ અને માઓવાદી ન બને તો શું બને? જે લોકો સત્તા પર બેઠાં છે. એ તિજોરી લૂંટવા જ બેઠા છે એમને ભૂખ્યાં-દુખ્યાંની કંઇ જ પડી નથી. આવા માણસો ગમે તે નીચી કક્ષાએ જઇ લૂંટ-ફાટ, અપહરણ, ચોરી, રેન સ્નેચીંગ, એટીએમ બધું જ કરે. નિર્દયતામાં વૃદ્ધોની કરપીણ હત્યા, બાળકો માટે ખંડણી પણ માગે- ભૂખથી પીડાતો જન શું શું નથી કરતો??

સુવિચાર

- જ્ઞાન સરળતાથી પ્રાપ્ત થતું નથી, એને માટે અધ્યન અને ચિંતનનો પરિશ્રમ કરવો પડે - ટી. આર્નોલ્ડ
- જ્ઞાન એકતા તરફ અને અજ્ઞાન ભેદભાવ તરફ દોરી જાય છે - રામકૃષ્ણ પરમહંસ
- જ્ઞાન એ એવી પાંખ છે જેના દ્વારા આપણે સ્વર્ગ તરફ ઉડ્ડયન કરી શકીએ છીએ- શેકસપિયર
- જ્ઞાન જ્યાં સુધી આપણામાં સદ્‌ભાવ ન પ્રકટાવે ત્યાં સુધી અજ્ઞાનથી વિશેષ તે કંઇ નથી - હર્બર્ટ
- જ્ઞાનમાં કરેલું રોકાણ હંમેશાં સૌથી વધારે વ્યાજ રળી આપે છે - ફ્રેંકલીન
- સામાન્ય વ્યક્તિ વિચારોનો દાસ છે જ્યારે 'જ્ઞાની' વિચારોનો સમ્રાટ છે - જે. કૃષ્ણમૂર્તિ
- જ્ઞાનનું વૃક્ષ આપણને વૃદ્ધાવસ્થામાં છાંયડો, શીતળતા અને વિસામો આપે છે- ચેસ્ટર ફિલ્ડ

બોધકથા

આપણે આપણા જીવનનો હેતુ-મકસદ-ધ્યેય ભૂલી ગયા છીએ, ઇશ્વરે આપણને કોઇ હેતુ માટે નિમિત્ત બનાવી અહીં પૃથ્વી પર 'જન્મ' આપીને મોકલ્યા છે, પણ જન્મતાંની સાથે જ આપણે કોરી પાટી જેવા થઇ જઇ છીએ, પછી પરિવારના રંગ ચઢે બધું ભૂલી જઇએ. ભોગ-પૈસા પાછળ જીવનનો સાચો હેતુ પણ આપણે જાણતાં નથી. સ્વામી રામતીર્થ દરરોજ એક ટેકરી પર ચઢી બૂમ પાડીને ઇશ્વરને પૂછતાં 'હે ઇશ્વર તેં મને કયા કામ માટે પૃથ્વી પર મોકલ્યો છે? આજ તેમની પ્રાર્થના હતી.'

સંત રમણ મહર્ષિને મળવા વિદેશી દાર્શનિક-ચિંતક શ્રી બ્રંટન પોલ આવ્યાં, અને રમણ મહર્ષિને ઇશ્વર-ભક્તિ-ધ્યાન-યોગ-તપ ને લગતાં અનેક પ્રશ્નો પૂછતા રહ્યાં.

રમણ મહર્ષિએ તેમના બધા પ્રશ્નો શાંતિથી અને ધ્યાન લઇ સાંભળ્યા. શ્રી પોલ બ્રંન્ટને એમ કે તેઓ શ્રી મારા બધા પ્રશ્નોના એક પછી એક જવાબ આપશે. તેથી અંતે પોતે તૈયાર કરેલી પ્રશ્નોની યાદી રમણ મહર્ષિને આપી દીધી અને પ્રત્યુત્તરની પ્રતિક્ષામાં મહર્ષિજી તરફ તાકીને બેસી રહ્યા.

રમણ મહર્ષિ કહે, આ તમારા બધા જ પ્રશ્નો અધ્યાત્મમાં નકામા છે, એથી કોઇ જરૂર નથી. તમારે માત્ર એક પ્રશ્નનું જ ચિંતન કરવાનું છે કે, 'હું કોણ છું.' શ્રી પોલ કહે, હા - પણ એ પ્રશ્ન પણ હું પૂછું કોને?! મહર્ષિ કહે, તમે તમારી જાતને પૂછતા રહો, 'હું કોણ છું' એ પછી બ્રંટન ધ્યાનમાં બેસતા અને આ પ્રશ્ન જાતને પૂછતાં. એમને 'આત્મજ્ઞાન' થયું.

સરહદ પરની સાવધાનીઓ તકાજો શિક્ષણમાં ગરીબોને તક અને કચ્છી બોલીમાં કૃષ્ણવર્મા...

ઓલ ઇઝ વેલ?

સંરક્ષણ પ્રધાન એન્ટોનીએ તો કહી દીધું કે સુરક્ષાના મોરચે બધું બરાબર છે. ચિંતાની કોઇ જરૂરત નથી.

દેશનો સુરક્ષા પ્રધાન ઊઠીને આવું કહે ત્યારે નાગરિકને હા-શ થવું જોઇએ ને? પણ એવું થતું નથી. કારણ સાફ છે કે લોકોને પૂરી શંકા છે કે બધું બરાબર નથી ચાલતું, માત્ર સત્તાનાં રાજાકરણનો જ ભાગ બનીને બધાંમાં વર્તન કરવામાં આવે છે.

નાગરિકને આવી શંકા થાય તેમાં તેનો કોઇ વાંક નથી. છેક ૧૯૬૨માં 'સબ ઠીકઠાક હૈ' કહીને જવાહરલાલ તેમજ વિ.કે. કૃષ્ણમેનને દેશ આખાને છેતર્યો, ઇશાન ભારતમાં ચીની લશ્કર ઘૂસી ગયું અને તેણે જે જમીન પડાવી લીધું તે હજુ તેની જ પાસે છે 'અમે ભારતની એક એક ઇંચ માટે લડી લઇશું.' એવી રણગર્જના ભારતની લોકસભામાં તે વર્ષે ઠરાવ રૂપે આવી હતી તે કોઇને યાદ છે?

જ્યારે લશ્કરી સેનાપતિઓ ઊઠીને એમ કહે કે લશ્કરની પાસે અદ્યતન શસ્ત્રો નથી. જ્યારે એમ પણ કહેવામાં આવે કે હથિયારોની ખરીદીમાં કરોડો રૂપિયાન 'કટકી' લેવાય છે; ચીન ઇશાન ભારતમાં અરૂણાચલના વેરાન વિસ્તારમાં ઘૂસી આવ્યાના અહેવાલો ચમક્યા હતા. પાકિસ્તાને પડાવેલાં કાશ્મીરથી તો આતંકવાદીઓ આયાત થાય છે. આંદામાન-નિકોબાર પાસે ચીની લશ્કરી થાણાની બદ્દદાનત એવી ને એવી છે. નેપાળમાં ભારત વિરોધી માઓવાદીઓ સત્તાનાં સિંહાસન સુધી પહોંચી ગયાં... આ અને આવાં બીજા ઘણાં ઉદાહરણો પછી પણ જો એમ કહેવામાં આવે કે બધું બરાબર છે...

તો, શું સમજવું? 'ઓલ ઇઝ વેલ' નું ફિલ્મી ગાણું ગાઇને ખૂશ થવું? હમણાં એક પત્રકારે એન્ટનીને 'સંત કહ્યા હતા, જસવંતસિંહે લોકસભામાં ભાષણ કરતાં એક સરસ વાત કરી કે માની લીધું કે તમે બહુ સારા માણસો છો, પણ મારા સારા મહાનુભાવો, પ્રજાને તો સારું શાસન (ગુડ ગવર્નન્સ) જોઇએ છે... એ તો કરો!' (આ પ્રવચન વિશે આપણે અગાઉ વિગતે જાણી ચૂક્યા છીએ)

શું ગુડ ગવર્નન્સ ઝરદારી અને બિલાવલને 'ઉત્તમ, ચટાકેદાર ખાણીપીણી કરાવવા' થી થશે? દેશની સુરક્ષા તો અત્યંત ગંભીર સવાલ છે; તેનો વર્તમાન સરકારને કોઇ અંદાજ છે? તે, અંદાજ હોય તો તે પ્રમાણે શાસન કરવા માગે છે ખરી?

હવે ગલ્લાંતલ્લાં ના જોઇએ...

શિક્ષણ મેળવવાનો અધિકાર એકલા પૈસાદારોનો નથી, ગરીબોનો પણ છે. મુશ્કેલી એ (હતી અને) છે કે શાળાઓમાં ફી એટલી બધી આકરી હોય કે ગરીબોનાં છોકરાઓને પરવડે જ નહીં. આમ તેઓ - પોતાની બુદ્ધિની તેજસ્વીતા હોવા છતાં - ભણતર મેળવી શકતાં નથી. ભણતાં નથી એટલે ઊંચી જગ્યા મેળવી શકતા નથી. આમ તેમનો અધિકાર ખાલી કાગળ પરનો રહી જાય છે.

સારૂં થયું કે સુપ્રિમકોર્ટે તમામ શાળાઓમાં ૨૫ ટકા ગરીબોને પ્રવેશનો આદેશ કર્યો છે. દેશમાં આ જોગવાઇ પચાર ટકાની હોવી જોઇએ પણ જે શરૂઆત થઇ તેનું સ્વાગત કરીએ.

હવે શાળા-સંચાલકો દૂધમાંથી પોરા કઢાવા લાગ્યાં છે. અમદાવાદની પ્રતિષ્ઠિત ગણાતી શાળાઓ તેમાં આગળ છે. તેમનું કહેવું છે કે આ તો કંઇ રીતે શક્ય બને? એડમિશનની પ્રક્રિયા પૂરી થઇ ગઇ છે. વધારાના શિક્ષકો નથી. તેઓ મફત ભણાવે તેમ નથી. આ ૨૫ ટકા વિદ્યાર્થીઓની ફી કોણ ભરશે - સરકાર કે કેન્દ્ર સરકાર - તે ખબર નથી.

ખરેખર તો આ ૨૫ ટકા વિદ્યાર્થીઓની ફીનો બોજો તે શાળાઓએ જ ઉઠાવવો જોઇએ અથવા જેઓ વર્ષે એક કરોડથી વધુ કમાય છે તેવા વાલીઓએ તે ખર્ચ આપવો જોઇએ. સમાનતા કંઇ આકાશેથી ઠપકતી નથી; સમાજે - તેમાં સ્કૂલ પણ આવી જાય છે. - આમાં ભાગીદાર થવું જોઇએ. અત્યારે તો મોટી સ્કૂલોમાં કેપીટેશન કે ડોનેશનનો એટલો દબદબો છે કે મધ્યમવર્ગને ય ઘોળે દિવસે તારા દેખાઇ જાય! તો પછી ગરીબોનું તે શું ગજું? અત્યારે ડોનેશનનાં મુદ્દે કોર્ટમાં કેસ ચાલે જ છે. જેવું શાળામાં છે તેવું કોલેજોમાં છે. એ દલીલ તદ્દન વાહિયાત છે કે શિક્ષણ મોંઘું થયું છે એટલે મોટી ફી રાખવી પડે છે. ખરેખર તો, શિક્ષણ જેટલી માત્રામાં મોંઘું થયું છે તેનાં કરતાં હજાર ગણી વધારે ફી લેવામાં આવે છે. 'સેલ્ફ ફાઇનાન્સ' સંસ્થાઓ નફો કરનારી ધંધાર્થી દુકાનોમાં ફેરવાઇ ગઇ છે. આ બધાંની સામે કડક થઇને, ૨૫ ટકા ગરીબોના છોકરા-છોકરીઓ ભણે તેવી વ્યવસ્થા થવી જ જોઇએ. શિક્ષણ એ વ્યવસાય નથી, સમાજની સેવાનું ક્ષેત્ર છે. એમ જ્યાં સુધી માનવામાં - અને આચરવામાં નહીં આવે ત્યાં સુધી - આપણી પછાત દશામાં સુધારો થવાનો નથી. દેશ કાંઇ આઇ.આઇ. એમ. કે એન.આઇ.ડી.થી ઓળખાતો નથી, સમગ્ર પ્રજાને કેટલું શિક્ષણ મળે છે તે તેના વિકાસનો આધાર છે.

કચ્છી ભાષામાં શ્યામજી કૃષ્ણવર્માનું અવતરણ

વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ ઇન્સ્ટીટ્યુટ - ટૂંકામાં વીઆરટીઆઇ - નું નામ લેતાં જ શ્રોફ પરિવારની કચ્છ પ્રત્યેની માયા-છાયાનું સ્મરણ થાય. માંડવીમાં આ ધમધમનું કેન્દ્ર, સુમરાસરમાં છેવાડેનાં વિકાસનો એક તબક્કો, ભુજોડીમાં 'શ્રૃજન'નો વિસ્તાર અને હવે માંડવી નગર પાસે વહેતી રૂક્માવતી નદીનો વિકાસ : આ બધાં કામો ઉપરાંત રેક ડેમોમાં યે મહત્વનો ભાગ ભજવવા માટે કાંતિસેન શ્રોફ અને ચંદાબહેન શ્રોફ ભુજોડીમાં સદા - સક્રિય રહ્યાં છે.

વીઆરટીઆઇ તરફથી પુસ્તકો પણ પ્રકાશિત થઇ રહ્યાં છે એ વાત 'વિવેકગ્રામ પ્રકાશન' ના ગોરધન પટેલ 'કવિ' એ હમણાં કરી ત્યારે જ ખ્યાલ આવ્યો. તેમનું સરસ સામયિક 'વિવેકગ્રામ' તો પ્રકાશિત થાય છે જ. હમણાં - જે કામ ખરેખર તો કચ્છી સાહિત્ય અકાદમીએ કરવું જોઇતું હતું. તે શ્યામજી કૃષ્ણવર્માનું કચ્છી બોલીમાં પ્રકાશન વીઆરટીઆઇએ કર્યું તેની પ્રસ્તુતિ ઉજવણીનો પ્રસંગ ૨૨ એપ્રિલે માંડવીનાં ક્રાંતિતીર્થમાં રાખ્યો છે.

આ કચ્છી રૂપાંતર જયેશ ભાનુશાલીએ કર્યું છે. થોડાક વર્ષો પહેલાં, વાપીતી તેમણે પત્ર લખ્યો હતો કે મારે તમારાં પુસ્તકો પરથી રૂપાતર કરવું છે, કારણ કે ભંચુડા (શ્યામજીનુ ંગામ) મારું યે વતન છે અને મને શ્યામજી કૃષ્ણવર્મા પ્રત્યે અપાર ગૌરવ છે. જયેર કંઇ અધ્યાપક કે ભાષા પંડિત નથી, ટ્રાન્સપોર્ટનાં કામમાં છે... પરંતુ સવાલ અહીં પંડિતાઇનો નથી, અંદર પડેલાં 'સ્પિરિટ' નો છે; ખુશીપૂર્વક મેં સંમતિ આપી એટલે તેમણે બે-ત્રણ પુસ્તકોનાં આધારે કચ્છી ભાષામાં આ પુસ્તક લખ્યું છે. આગામી ૨૨મી એપ્રિલે તે પુસ્તકનાં વિમોચનનો કાર્યક્રમ પણ યોગ્ય સ્થળે થવાનો છે : માંડવી (કચ્છ)ના પંડિત શ્યામજી કૃષ્ણવર્મા સ્મારક 'ક્રાંતિતીર્થ' ની ભૂમિ પર!

ગુજરાતની પાસે જેમ ગુજરાતી ભાષા છે, તેમ બોલી પણ છે. એક નહીં અનેક - પશ્ચિમે સૌરાષ્ટ્રના છેડે દ્વારકા - ઓખા જાઓ તો વાઘેરોની બોલી સાંભળવા મળે, બરડા પ્રદેશની 'બરડાઇ' છે, મેર- આયરની અદ્દલ દેશી ભાષા છે, સિંધથી આવી વસી ગયેલાંઓ 'અસાંજુ મીઠડી સિંધી બોલી' બોલે છે, ચરોતરમાં તમને 'હેંડો' ન સંભળાય તો જ નવાઇ! ડાંગી અને ભીલોની વનવાસી બોલી વળી અલગ છે. પંચમહાલમાં તેનો અલગ લહેકો સંભળાય. આમાં કચ્છી બોલી - જેની લિપિ ગુજરાતી જ ગણાય - આ રીતે વિકસિત થવા લાગી છે, તેનાં સંવર્ધન અને પ્રોત્સાહન માટે કચ્છી સાહિત્ય અકાદમી પણ છે. તેના પોતાના પ્રતાપી પૂર્વજ વિશે કચ્છીમાં પુસ્તક થાય તે અભિનંદનને પાત્ર છે.

પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન

- ડાઇનાસોરની આકર્ષક દુનિયા : ડાઇનાસોર અને જીવાવશેષ ઉદ્યાન
- વનસ્પતિઓનું સામ્રાજ્ય દર્શાવતું વનસ્પતિ ઉદ્યાન
- પક્ષી નિરીક્ષકનો ઉલ્લાલ : પક્ષીઘર

લોકોને કુદરત અને પર્યાવરણ વિષે સંવેદનશીલ બનાવવા અને જાગૃતિ લાવવાનાં હેતુથી ગાંધીનગર ઇન્દ્રોડા સર્કલ પાસે બનાવવામામાં ઓલ 'ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન' પ્રવાસી સ્થળ તરીકે ખુબ જાણીતો બન્યો છે. ૪૬૮ હેકટર પર પથરાયલ આ ઉદ્યાન નૈસર્ગિક શોધ સંશોધનો માટેનું કેન્દ્ર પણ છે.

જીવાવશેષો બાલાસિનોર, દાહોદ-ઝાલોદ તેમજ આ નગરોની આજુબાજુના ગામડાંઓમાં ફરીને એકત્રિત કરવામાં આવેલાં છે.

અહીં અલગ-અલગ પ્રકારના અસંખ્ય છોડ વૈજ્ઞાનિક, શૈક્ષણિકના હેતુથી ઉછેરવામાં આવ્યાં છે. ૩૦૦થી વધુ છોડ ઉછેરવામાં આવ્યા છે. કેકટસ હાઉસમાં ૨૦૦ પ્રકારના કેકટસ છે. ૨૦૦ પ્રકારના અનોખા ઔષધીય છોડ અને અલગ-અલગ પ્રકારની ખજૂરી અને વાંસ પણ જોડામાં આવે છે.

આપણા જિલ્લાના પ્રવાસધામો

- ભાનુપ્રસાદ એસ. દવે

ડાયનોસોર અને જીવાવશેષ ઉદ્યાન : ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે ડાઇનોસોર અને જીવાવશેષ ઉદ્યાન બનાવાયું છે. અહીં ૩ હેકટર વિસ્તારને ત્રણ ભાગમાં વહેંચીને ડાઇનોસોરના અવશેષો અને પ્રાગૈતિહાસિક જીવનની પ્રદર્શિત કરતાં વિભાગો છે. જેમાં ૧૯.૫ થી ૧૩.૫ કરોડ વર્ષ પૂર્વેનો જુરાસિક કાળ, ૧૩.૫ થી ૬.૫ કરોડ વર્ષ પૂર્વેનો ક્રિટેસિયસ કાળ, અને ૬.૫



કરોડ વર્ષથી ૨૦ લાખ વર્ષ પૂર્વેનો તૃતીય જીવયુગ (માયોસીન - ટલાયોસીન કાલખંડ) માં વહેંચવામાં આવ્યો છે.

અહીં કચ્છના ભૂજ, નખત્રાણા, નલિયા અને ચારી વિસ્તારોમાંથી એકત્રિત કરાયેલાં જીવાસ્મીઓને પ્રદર્શિત કરાયા છે. વળી પૂર્વ ગુજરાતના ભાગોમાંથી ઉપલબ્ધ મહત્ત્વના પુવારાઓના આધારીત પ્રતિકૃતિઓને આકાર આપવામાં આવ્યો છે. તેમાં ડાઇનાસોરના અસ્થિ, દાંત, ચામડીની છાપો, પગલાંના ચિન્હો અને ઇંડાનો સમાવેશ થાય છે. આ વિરલ

આપણા ઘરના પ્રાંગણમાં આવતા પક્ષીઓ આપણને નિહાળવા ગમે છે. આ જગ્યા આપણને સ્વર્ગની અનુભૂતિ કરાવે છે. ૩૦ પ્રકારના પક્ષીઓનો અનુભવ રોમાંચક છે. અહીં આશરે ૧૮૦ પ્રજાતિઓ પક્ષીઓની જોવા મળે છે. ૬૫ જાતિઓના પક્ષીઓ તો અહીં વસવાટ કરે છે. પક્ષી નિરીક્ષકોનો ઉલ્લાસ અહીંનું પક્ષીઘર છે.

પ્રાણી પ્રેમીએ માટેનાં પ્રાણી સંગ્રહાલયોમાં સરીસૃપ અને જંગલી પ્રાણીઓ જોવા મળે છે. દીપડો, રીંછ, સ્વર્ણમૃગ, સાબર, નીલગાય, કાળિયાર, ચીંકારા, બારાસીંગુનો સમાવેશ થાય છે. જયારે સરીસૃપ વર્ગમાં મગર અને એ જ પ્રકારના ઝેરી-બીન ઝેરી સાપો છે. ઉદ્યાનના પૂર્વ ભાગમાં વિપુલ સંપત્તિ ધરાવતું કૃત્રિમ જંગલ અને પ્રાકૃતિક સૌંદર્ય જોવા મળે છે. આ જગ્યામાં બે તળાવ છે. જયાં અવારનવાર જળ પક્ષીઓ જોવા મળે છે. અહીંનાં સંશોધન કેન્દ્ર અને નક્ષત્ર વનની મુલાકાત વગર ઇન્દ્રોડા પ્રવાસધામની મુલાકાત અધૂરી લાગે.

અહીં ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (ગીર) ફાઉન્ડેશનના ઉપક્રમે પર્યાવરણ સંદર્ભે જાગૃતિ લાવવા કલરવ સંકુલ ખાતે નાટક, કઠપૂતળી શો, સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવે છે. ઇકો-પોઇન્ટ કુદરતને લગતાં નકશાઓ, સીડી વગેરેનું વેચાણ અને વહેંચણી થાય છે.

ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત વગર ગાંધીનગર - પાટનગરની મુલાકાત પ્રવાસીઓને અધૂરી જ લાગે.

મો. ૩૮૬૩૦૫૩૪૩૬

બંધનાવસ્થા ઉછેર પાછળનો અન્ય હેતુ વન્યજીવોની જનીન વિવિધતા જળવાય તથા શક્ય હોય ત્યાં જે તે કુદરતી વિસ્તારોમાંથી પ્રાણીઓ લુપ્ત થતા હોય તેમને ફરીથી તેના જૂના પારંપરિક વિસ્તારોમાં પુનઃસ્થાપિત કરી શકાય તે પણ હોય છે

એક તરફ માનવીય હસ્તક્ષેપને કારણે આ પૃથ્વી પરથી ઘણાં બધાં જીવો લુપ્ત થઇ ચૂક્યા છે, રહ્યા છે. અને ઘણાં બધાં જીવો લુપ્ત થવાના ભય હેઠળ છે ત્યારે બીજી તરફ તેવા ભય હેઠળના જીવોના સંરક્ષણ માટેના પણ વિવિધ ઉપાયો થઇ રહ્યાં છે.

એક્સ-સીટુ અને ઇન-સીટુ કન્ઝર્વેશન એમ બે પ્રકારના સંરક્ષણ પ્રયાસો ચાલે છે, એક્સ-સીટુ કન્ઝર્વેશનનો અર્થ થાય છે, કોઇ વન્ય જીવને તેના કુદરતી વાસસ્થાન સિવાયના સ્થાનોએ જાળવણી કરવી જેમાં માનવીય ઉપાયોનું મહત્ત્વનું પ્રદાન હોય છે. જયારે ઇન-સીટુ કન્ઝર્વેશનો અર્થ થાય છે. કોઇ વન્યજીવને તે જે કુદરતી વાસસ્થાન કે વિસ્તારમાં રહે છે. ત્યાં જ તેની જાવળણી માટેના ઉપાયો કરવા. આ એક યોગ્ય, આદર્શ અને કુદરતી પધ્ધતિ કહી શકાય. જેમાં પ્રાણી કે વનસ્પતિઓને જંગલોમાં જ કેવી રીતે સાચવી શકાય તેવા પગલાંઓ લેવાય છે.

વન્યપ્રાણીઓ કે વનસ્પતિઓને તેમના કુદરતી વિસ્તારો સિવાયના વિસ્તારોમાં ઉછેરવાનો અર્થ એ કે પ્રાણી સંગ્રહાલયો, પ્રયોગશાળાઓ, બચાવ કેન્દ્રો, વાનસ્પતિક ઉદ્યાનો, જીવ બેંક, ફ્રોઝન બેંક વગેરે સ્થળો વિકસાવીને તેમને ત્યાં ઉછેરવાના પ્રયોગો હાથ ધરવા.

વન્યજીવોનો બંધનાવસ્થા ઉછેર



કુદરતી વિસ્તારો સિવાયના જે સ્થળોએ વન્યજીવોને બચાવવા માટેનું કાર્ય કરવામાં આવે છે તેમાં ખાસ કરીને પ્રાણી સંગ્રહાલયોનો ફાળો વિશેષ છે. આ પ્રકારના બંધનાવસ્થામાં થતાં ઉછેરને 'કેપટીવ બ્રીડીંગ' કહેવામાં આવે છે. બંધનાવસ્થામાં જે પ્રાણીઓ ઉછેરવાનું નક્કી કરામાં આવે છે. તેમાં આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય તથા સ્થાનિક કક્ષાએ જે પ્રાણીઓ કે વનસ્પતિઓ ભયજનક સ્થિતિમાં છે તેની યાદી અભ્યાસોના આધારે નક્કી થાય છે અને આવા જીવોની વસ્તી ઘટે નહિ અને તેમની વસ્તીમાં વધારો થઇ શકે તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

બંધનાવસ્થા ઉછેર પાછળનો અન્ય હેતુ વન્યજીવોની જનીન વિવિધતા જળવાય તથા શક્ય હોય ત્યાં જે તે કુદરતી વિસ્તારોમાંથી પ્રાણીઓ લુપ્ત થતા હોય તેમને ફરીથી તેના જૂના પારંપરિક વિસ્તારોમાં પુનઃસ્થાપિત કરી શકાય તે પણ હોય છે. પ્રાણી સંગ્રહાલયોમાં પ્રદર્શિત થતાં પ્રાણીઓ જંગલ કે કુદરતી વિસ્તારોમાંથી લાવી ન શકાય તેવો કાયદો હોવાથી પ્રાણી સંગ્રહાલયના પ્રાણીઓ બંધનાવસ્થા ઉછેર દ્વારા મેળવાય છે.

આજે વિશ્વ કક્ષાએ ૧૧૫૦ જેટલા પ્રાણી સંગ્રહાલયો છે, તેમાં ૧૨, ૩૨,૦૦૦ જેટલા પ્રાણીઓનો ઉછેર તેમ કહી શકાય. આ બધામાં ૫,૮૪,૦૦૦ જેટલી માછલીઓ, ૨,૦૨,૦૦૦ જેટલા સસ્તન પ્રાણીઓ, ૩,૫૧,૦૦૦ પક્ષીઓ, ૭૪,૦૦૦ સરિસૃપો અને ૨૧,૦૦૦ જેટલા ઉભયજીવીઓનો સમાવેશ થાય છે.

બંધનાવસ્થામાં ઉછેર કરવા માટે આપણા દેશના ૩૫ જેટલા સસ્તનો, પક્ષીઓ અને સરિસૃપોને ઓળખી કઢાયા છે, અને તેમના માટે રાષ્ટ્રીય કક્ષાએ પ્રાણી સંગ્રહાલયોને તેના ઉછેર કરવાના ને લક્ષ્યાંકો આપીને નીતિ-નિયમો ઘડી કાઢવામાં આવ્યાં છે. વિશ્વ કક્ષાએ આઇ.યુ.સી. એન. (ઇન્ટરનેશનલ યુનિયન ફૉર કન્ઝર્વેશન ઑફ નેચર રીસોર્સિસ) સંસ્થાએ જાહેર કરેલ ભયહેઠળના જીવો પૈકી ૧૪૦ જેટલાને વિશ્વના વિવિધ પ્રાણી સંગ્રહાલયોમાં બંધનાવસ્થામાં ઉછેરવામાં આવી રહેલાં છે.

બંધનાવસ્થા ઉછેર કર્યા બાદ કુદરતી વિસ્તારોમાંથી લુપ્ત થયેલા ૧૮ જેટલા પ્રાણીઓને ફરીથી જે તે વિસ્તારોમાં સફળતાપૂર્વક પુનઃ વસાવી શકાયા છે. તે એક આનંદદાયક વાત છે.

આપણા ભારતમાં નેશનલ ઝૂ પૉલીસી, ઇન્ડિયન વાઇલ્ડ લાઇફ બૉર્ડ, સ્ટેટ વાઇલ્ડ લાઇફ બૉર્ડ, સેન્ટ્રલ ઝૂ ઑથોરીટી, વાઇલ્ડ લાઇફ (પ્રોટેકશન) એક્ટ ૧૯૭૨ વગેરેની જોગવાઇ બંધનાવસ્થાના વન્યજીવોના ઉછેર અર્થે કરવામાં આવી છે જે તેનું નિયમન કરવા માટે કાર્ય કરે છે.

આજ દિન સુધીમાં આપણે ત્યાં એશિયાટીક લાયન, બેંગાલ ટાઇગર, સ્નૉવ લેપર્ડ, લાયન ટેઇલ મેકાક, રેડ પાન્ડા, ઘરિયાલ મગર જેવા પ્રાણીઓ અને રેડ જંગલ ફાઉલ તથા વૅસ્ટર્ન ટ્રેકોપાન જેવા પક્ષીઓને બંધનાવસ્થામાં ઉછેરવાના મહત્ત્વના પ્રોજેક્ટો હાથ ધરાયા છે.

આપણા ગુજરાતના ગૌરવ સમાન સિંહ કે જે રાજ્ય પ્રાણીનો દરજ્જો ધરાવે છે. તેની વસ્તી વર્ષ ૧૯૦૭માં ફક્ત ૧૩ જેટલી જ રહી જવા પામેલ હતી. સમગ્ર એશિયામાં ફક્ત આ એક જ સ્થળ સાસસ-ગીર હતું. જયા સિંહની હાજરી હતી. બંધનાવસ્થા ઉછેર તથા તેના કુદરતી વિસ્તારોમાં તેમના રક્ષણની મહત્ત્વની કામગીરીઓ અને પ્રયાસોમાં તેમના રક્ષણની મહત્વની કામગીરીઓ અને પ્રયાસોના પરિણામે આજે આપણાં રાજયમાં ૪૧૧ જેટલા સિંહ સુરક્ષિત રીતે વિહરી રહ્યા છે.

આપણાં રાજયોમાં ચિત્તાઓની વસ્તી ૧૯૪૦ ની આસપાસ લુપ્ત થયાનું મનાય છે. એક સમયે ભારતના ઘણા વિસ્તારોમાં ચિત્તા વસવાટ કરતાં હતાં તે સમગ્ર દેશમાંથી લુપ્ત થયા છે. આ માટે ચિત્તાઓને ભારતમાં તથા ગુજરાત રાજયમાં બંધનાવસ્થા ઉછેર બાદ ફરીથી કુદરતી વિસ્તારોમાં મુક્ત કરી શકાય કે કેમ? તે બાબત વિસ્તૃત ચર્ચાઓ અને અભ્યાસો હાથ ધરાઇ રહ્યા છે. એશિયાઇ ચિત્તા ફક્ત ઇરાન દેશમાં ૧૦૦ જેટલા જ બચ્યા છે. જે વિશ્વ કક્ષાએ લુપ્ત થવાનું જોખમ ધરાવે છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૫મી એપ્રિલ ગુરુ નાનકનો જન્મદિન

- શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકનો આજે જન્મદિન. "રામ કી ચીડિયા, રામ કા ખેત, ખા લો ચીડિયા ભરભર પેટ" પંક્તિને ચરિતાર્થ



કરનારા ગુરુ નાનકને જ્ઞાનનો સાક્ષાત્કાર થયો. સૌ એકપિતાના સંતાન - સતનામ્ નો સિધ્ધાંત પ્રચલિત કરનારા, 'ગુરુ ગ્રંથ સાહેબ' ના સર્જક, આચાર ધર્મના પ્રવર્તક, એકેશ્વરવાદના મતનું પ્રતિપાદન કરનાર ગુરુ નાનકજીએ ૧૫૩૯માં સમાધિ લીધી.

- ટાઇટેનિક જહાજ ઉત્તર એટલાંટિક

મહાસાગરમાં ડૂબી ગયું, ૧૫-૪-૧૯૧૨.

- વિશ્વ પ્રસિદ્ધ ચિત્રોના સર્જક લિયોનાર્ડો-દ-વિન્ચીનો ઇટાલીમાં જન્મ ૧૪૫૨.
- યાંદોદથી ડભોઇથી રેલ્વે શરૂ થઇ ૧૮૭૯.